# સંશોધન સમસ્યા પસંદગીનું માર્ગદર્શન (એમ.એડ. ના સંદર્ભમાં)

**ચૌધરી જયશ્રી જી.**
**ડી/૬૫, વ્રજધામ સોસાયટી, એરફોર્સ સ્ટેશનની પાસે, મકરપુરા, વડોદરા-૩૯૦૦૧૪.**
Email : gulabgc.62@gmail.com

**સારાંશ :** સૌપ્રથમ સંશોધન માટે સમસ્યાની પસંદગી કરવી એટલે શું ? તે બાબત સ્પષ્ટ થવી જોઈએ સંશોધન માટે સમસ્યા પસંદ કરવી એટલે યોગ્ય સંશોધનક્ષેત્ર પસંદ કરવું. કોઈપણ સંશોધન અભ્યાસમાં વિષય તરીકે સમસ્યા હોવી જ જોઈએ. સંશોધકે પોતાના રસ અને વ્યાવસાયિક ધ્યેયને નજર સમક્ષ રાખીને સંશોધન માટેનું ક્ષેત્ર પસંદ કરવું જોઈએ. સાથે સાથે પોતાનું સંશોધન જ્ઞાનમાં શું વધારો કરશે તે પણ વિચારવું જોઈએ. આમ, સંશોધન માટે પસંદ કરેલા ક્ષેત્રમાં વિદ્યાર્થી માત્ર જ્ઞાન જ મેળવતો નથી, પરંતુ જો અર્થપૂર્ણ સંશોધન હાથ ધરે તો તેના પરિણામો સંશોધન સામાયિકમાં સંશોધન પેપરરૂપે પ્રસિદ્ધ કરીને પોતાની વ્યાવસાયિક લાયકાતમાં વધારો કરી શકે, ઉપરાંત ભાવિ સંશોધકો માટે પથદર્શક બની શકે.

**સૂચક શબ્દ :** સંશોધન, સમસ્યા, વિષયવસ્તુ, અધ્યાયન, અભિગમ, નિદાન-ઉપચાર, પ્રતિબદ્ધતા, પરિણામ, અસરકારકતા.

**પ્રસ્તાવના :**

કોઈપણ નવા સંશોધકે સંશોધન કાર્ય હાથ ધરતાં પહેલા સંશોધન અંગેની વિગતપૂર્ણ સમજ મેળવી લેવી આવશ્યક છે.

સૌપ્રથમ તો – સંશોધન શું છે ?
- તેમાં સંશોધકે શું શું કરવાનું હોય ?
- સંશોધકને માટે શી-શી નૈતિક આચાર સંહિતા હોઈ શકે ?

એમ કહેવાય છે કે, “જરૂરિયાત એ શોધખોળની જનેતા છે” આદિમાનવથી માંડીને અવકાશયાત્રી સુધીની પરિવર્તનશીલ યાત્રાએ શોધખોળની જ દેન છે. કોઈપણ ક્ષેત્રમાં સંશોધન એજ અસ્તિત્વ માટેની ગુરૂચાવી છે. આપણી સમજ કરતાં અણસમજ અતિ વિશાળ છે. જીવન સમસ્યા છે, સિદ્ધાંત નહી.

જીવન એક સ્વાધ્યાય છે મનોયત્ન છે જે અનેક કૂટપ્રશ્નોથી ભરપૂર છે. પ્રત્યેક દિવસ એક નવી સમસ્યા લાવે છે.

સમસ્યા – ઉકેલ – સમસ્યા - ઉકેલ – સમસ્યા..... આ હારમાળા અવિરત ચાલુ જ રહે છે માત્ર માનવી જ નહી, પ્રત્યેક સજીવે સમસ્યાઓનો સામનો કરવો પડતો હોય છે. કાકા સાહેબ કાલેલકરે “જીવન સંસ્કૃતિ” નામના પુસ્તકમાં “ચક્ર” ને ઋષિ કહ્યો છે ચક્ર એ સમસ્યાના ઉકેલ સ્વરૂપે આવે છે આમ માણસની મૂંઝવણમાંથી જે સમસ્યા ઊભી થાય તેનો ઉકેલ શોધવાનો પ્રયાસ એટલે સંશોધન. સંશોધન એક પ્રક્રિયા છે પરિણામ નથી, અને પરિણામ

અગત્યનું પણ નથી, પ્રક્રિયા અગત્યની છે સંશોધન સતત ચાલતી અવિરત પ્રક્રિયા છે. ટૂંકમાં કહીએ તો, સંશોધન દ્વારા જેનો ઉકેલ શોધવાનો છે તેવો પ્રશ્ન એટલે સમસ્યા.

"જે પરિસ્થિતિમાં કંઇક એવી બાબતની ઓળખ થાય છે કે જ્યાં વણ ઉકેલી મુશ્કેલી છે ત્યાં સમસ્યા ઉદ્‌ભવે છે."

**- એફ.એલ. વિટની**

- **સંશોધન સમસ્યાની પસંદગી બાબતમાં ધ્યાનમાં રાખવાની બાબતો :-**

✓ શિક્ષણનાં કોઈપણ ક્ષેત્રમાં જોવા મળતી વિસંગતતા, વિરોધાભાષ, વિવાદાસ્પદ વાતો તથા વણ ચકાસાયેલાં પરિણામોમાંથી સમસ્યા ઉદ્‌ભવે છે.

✓ શિક્ષકો, શિક્ષણ શાસ્ત્રીઓ તથા સંશોધન કર્તાઓ દ્વારા કરવામાં આવતી સંશોધન અંગેની ભલામણોમાંથી પણ સંશોધન સમસ્યા ઉદ્‌ભવતી જોવા મળે છે.

✓ વિવિધ એનસાઈક્લોપેડિયા, સંશોધન સામાયિકો, ડૉક્ટર થિસિસ, અનુસ્નાતક શોધ નિબંધો, સંશોધન પ્રકલ્પ અહેવાલો..... વગેરેમાંથી પસંદ કરી શકાય છે.

✓ સ્નાતક, અભ્યાસો, સેમિનારો, વ્યાવસાયિક સભાઓ, પરિસંવાદો, તજજ્ઞોના વાર્તાલાપો, પ્રયોગશાળાની મુલાકાત, વર્ગશિક્ષણ દરમિયાન પ્રાધ્યાપક વિદ્યાર્થીઓના વાર્તાલાપો, સેમિનાર સિનિયર સ્કોલર અને યુવા કાર્યકરો વચ્ચેનો સંવાદ..... વગેરેમાંથી સંશોધન સમસ્યાના ઉદ્‌ભવની જાણકારી મળી શકે છે.

✓ દરરોજ વિદ્યાર્થીઓ, વાલીઓ, કસોટીઓ, પાઠ્યપુસ્તકો, સાધનો શિસ્ત, અભ્યાસક્રમ, નિરીક્ષણ, વહીવટ, માર્ગદર્શન..... વગેરે સાથે કામ પાર પાડતાં મુશ્કેલીમાં મૂકાવું પડે જેમાંથી સમસ્યા ઉદ્‌ભવે છે.

✓ મોટાભાગની સમસ્યાઓ વર્ગખંડ, શાળા અને સમાજમાંથી જ ઉદ્‌ભવતી હોય છે. જેમ કે વહીવટ, અધ્યયન-અધ્યાયન પ્રક્રિયા, સાધન-સામગ્રી, રીત-રિવાજ, પર્યાવરણ.... વગેરે.

✓ હવે તો વર્ગશિક્ષણ સંચાલન, શૈક્ષણિક સામગ્રી અને પદ્‌ધતિ, તકનિકી સાધનો અને પ્રયુક્તિઓના ઉપયોગો અંગેના અનેક નવા વિચારો જોવા મળે છે. જેમાં કમ્પ્યુટર દ્વારા શિક્ષણ, દૂરદર્શન દ્વારા શિક્ષણ, અભિક્રમિત અધ્યયન, નવું વિષયવસ્તુ અને અભિગમો, લચીલું સમયપત્રક, જૂથ શિક્ષણ.... વગેરે અંગે સંશોધનોનો અવકાશ રહે છે.

✓ આ ઉપરાંત, CBSE, NCERT, UGC, GCERT, UNICEF, UNESCO, ICSSR, DIET, વગેરે જેવી સંશોધન સમસ્યાઓમાંથી નવીન સમસ્યાઓની જાણકારી મળી શકે છે.

**સમસ્યા શિર્ષક :**

✓ મહાત્મા ગાંધીજીની આત્મકથામાંથી નિષ્પન્ન થતું તત્વદર્શન.

✓ સ્વામી વિવેકાનંદજીનું તત્વદર્શન.

✓ દર્શકની નવલકથાઓમાં શિક્ષણદર્શન.

✓ કૉલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સામાજિક ભાગીદારી પરત્વેની સભાનતાનો અભ્યાસ.

- ✓ શૈક્ષણિક, સામાજિક અને અધ્યાત્મિક ભૂમિકાના સંદર્ભમાં શ્રી મહર્ષિ અરવિંદના પૉંડિચેરી સ્થિત આશ્રમનો અભ્યાસ.
- ✓ વિદ્યાર્થીઓની સામાજિક સમસ્યાઓનો અભ્યાસ.
- ✓ ધોરણ-૧૦ ના અને ૧૨ ના ગુજરાતીના અભ્યાસક્રમમાં સમાવાયેલા વ્યાકરણ શિક્ષણ પરત્વે માતૃભાષા શિક્ષકોના પ્રતિભાવોનો અભ્યાસ.
- ✓ ધોરણ નવના વિજ્ઞાન અને ટેક્નોલોજી વિષયના પાઠ્યપુસ્તકનું મૂલ્યાંકન.
- ✓ કોઇ એક રાજ્યના, કોઇ ધોરણના, કોઇ વિષયના પાઠ્યક્રમની પડોશી રાજ્યના પાઠ્યક્રમો સાથે તુલના.
- ✓ પ્રાથમિક, માધ્યમિક શાળાના શિક્ષકોનો વ્યાવસાયિક સંતોષ અથવા ભાષા સજ્જતાનો અભ્યાસ.
- ✓ એસ.એસ.સી. ના પરિણામના સંદર્ભમાં ઉચ્ચ સિદ્ધિ અને નિમ્ન સિદ્ધિ ધરાવતી શાળાઓનો તુલનાત્મક અભ્યાસ.
- ✓ ઉચ્ચત્તર માધ્યમિક કક્ષાએ સ્વનિર્ભર શિક્ષણ વ્યવસ્થા અંગે સંચાલકો, આચાર્યો, શિક્ષકો, વાલીઓ તથા વિદ્યાર્થીઓના પ્રતિભાવોનો અભ્યાસ.
- ✓ વ્યાખ્યાના પદ્ધતિની તુલનામાં બહુમાધ્યમ અભિગમની અસરકારકતા.
- ✓ Open Book Exam – વિશેના પ્રતિભાવોનો અભ્યાસ.
- ✓ મૂલ્યાંકન અને પુનઃ મૂલ્યાંકન વચ્ચે રહેલો ભેદ.
- ✓ દસમાં ધોરણ બાદ વિવિધ ડિપ્લોમાં અભ્યાસક્રમની વિદ્યાર્થીઓની પસંદગીના કારણોનો અભ્યાસ.
- ✓ ધોરણ-૧૨ ના ગુજરાતી વ્યાકરણ માટેના નિદાન-ઉપચાર કાર્યક્રમની અસરકારકતાનો અભ્યાસ.
- ✓ માધ્યમિક કક્ષાએ શિક્ષકોની વ્યાવસાયિક પ્રતિબધ્ધતાનો અભ્યાસ.
- ✓ બી.એડના તાલીમાર્થીઓમાં પ્રતિબધ્ધતા વિકસાવવા માટેના શૈક્ષણિક કાર્યક્રમની રચના અને તેની અસરકારકતા.
- ✓ વાંચન અર્થગ્રહણ વિકસાવવાના કાર્યક્રમની અસરકારકતા.
- ✓ ગણિત વિષયનાં નબળાં પરિણામ માટેના કારણો અને ઉપાયો.
- ✓ ગણિત અધ્યયનની સમસ્યાઓનો અભ્યાસ.
- ✓ માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓના વિજ્ઞાન વિષય પ્રત્યેના વલણ અને સિદ્ધિનો અભ્યાસ.
- ✓ વિજ્ઞાન રસ, વિજ્ઞાન અભિયોગ્યતા અને વિજ્ઞાન સિદ્ધિ વચ્ચેના સંબંધનો અભ્યાસ.
- ✓ ધોરણ-૧૨ ના અર્થશાસ્ત્ર વિષયના અધ્યયનમાં વિદ્યાર્થીઓને નડતી સમસ્યાઓ અને ઉપાયો.
- ✓ ઉચ્ચત્તર માધ્યમિક વિભાગનાં નામાના મૂળતત્વો વિષયના વાર્ષિક હિસાબો તૈયાર કરવાની દ્વિનોંધી નામા પદ્ધતિ અને દેશી નામા પદ્ધતિની અસરકારકતાનો અભ્યાસ.
- ✓ વાણિજ્ય શિક્ષણના અધ્યાપનમાં અસરકારકતા લાવવા માટેના ઉપાયો.
- ✓ શ્રીમદ્ભગવદગીતાના બારમાં અધ્યાયમાં વ્યક્ત થતાં મૂલ્યોનો અભ્યાસ.
- ✓ ઉચ્ચતર માધ્યમિક શાળાના શિક્ષકો અને વિદ્યાર્થીઓનાં મૂલ્યના તરેહનો અભ્યાસ.
- ✓ યોગ શિક્ષણ પરત્વે શિક્ષકો, વાલીઓ અને વિદ્યાર્થીઓનું વલણ.
- ✓ પરીક્ષા તણાવ મુક્તિ માટે યોગ કાર્યક્રમની અસરકારકતા.

**સમાપન :**

આમ મારો હેતુ સંશોધકને શૈક્ષણિક સંશોધનનાં ક્ષેત્રોથી સ્પષ્ટપણે માહિતગાર કરવાનો હતો. સંશોધન ક્ષેત્ર એ શું છે ? શું નથી ? તેનો અર્થ, તેની પસંદગીના પ્રકારો અને સ્ત્રોતો તથા સંશોધન ક્ષેત્રોની વ્યક્તિગત ઓળખ-પરિચય વિશે વિગતે વાત માંડવાનો મનસૂબો હતો. એ અમુક અંશે સિદ્ધ થયો એમ હું માનું છું.

અમુક અંશે જ હેતુ સિદ્ધિ પ્રાપ્તિ એટલા માટે કે સંશોધન સમસ્યા પસંદગીના ક્ષેત્રો તો વિશાળ વ્યાપ ધરાવે છે. જ્યારે અહીં તો ઓગણીશ ક્ષેત્રોને જ આવરવામાં આવ્યા છે. ભાવિ સંશોધકો સંશોધન સમસ્યાની પસંદગી વખતે પહેલા આ સંશોધન ક્ષેત્રોને બરાબર ઓળખે-પસંદ કરે એ જરૂરી છે. ખાસ તો અલ્પ ખેડાયેલાં તથા વણખેડાયેલાં ક્ષેત્રોમાં અવનવા અભ્યાસો હાથ ધરતા રહે એ ખૂબ જ જરૂરી છે.

**સંદર્ભ સૂચિ:**


૧. ડૉ. દિનેશચંદ્ર એ. ઉચાટ, 'શિક્ષણ અને સામાજિક વિજ્ઞાનોમાં સંશોધનનું પદ્ધતિશાસ્ત્ર' પારસ પ્રકાશન, રાજકોટ, સંવર્ધિત દ્વિવતિય આવૃત્તિ-૨૦૧૨.

૨. દેસાઇ એચ.જી. અને કે.જી., સંશોધન પદ્ધતિઓ અને પ્રવિધિઓ, અમદાવાદ યુનિવર્સીટી ગ્રંથ નિર્માણ બોર્ડ ગુજરાત રાજ્ય, તૃતિય આવૃત્તિ, ૧૯૮૩.

૩. દેસાઇ એચ.જી. અને ત્રિવેદી એમ.ડી., સં: શૈક્ષણિક સંશોધનની રૂપરેખા, રાજકોટ, (સૌરાષ્ટ્ર યુનિવર્સીટી, ૧૯૮૨).